**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૫/૧૦/૨૦૧૭ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૫૪/૧૭**

શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તાર આવેલ વિકાસ ઈન્ડસ્ટ્રીઝ નામની બંધ દુકાનમાંથી

## ચોરી કરતી ચોર ગેંગના આરોપીઓને કુલ્લે કિં.રૂ.૧,૯૫,૧૨૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી શહેરકોટડા પોલીસ સ્ટેશન ના ગુનાનો ભેદ ઉકેલતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી તથા અધીક પોલીસ કમી શ્રી સેક્ટર -૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા આજુબાજુના પો. સ્ટે.વિસ્તારમાં બનતા મીલકત સબંધી ગુના અટકાવવા તેમજ શોધી કાઢવા મેઘાણીનગર પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સપેક્ટર શ્રી ડી.એસ.પુનડીયા સાહેબનાઓની સુચના મુજબ સર્વેલન્સ પો.સ.ઇ કે.પી.તરેટીયા તથા સાથેના સ્ટાફના માણસો હે.કો દિલીપકુમાર ઈશ્વરભાઈ બ.નં-૭૬૨૦ તથા પો.કો.સંદિપભાઈ મંગાભાઈ બનં.૩૬૮૯ તથા પો.કો.ગીરીશકુમાર કોદરભાઈ બ.નં-૫૭૪૨ તથા પો.કો હરેશભાઇ જગાભઈ બ.નં-૬૨૦૧ તથા પો.કો વિષ્ણુભાઈ હીરાભાઈ બ.નં-૨૭૩ તથા એલ.આર અરૂણસિંહ યશપાલસિંહ બનં.૪૨૪૭ નાઓ મારફતે શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ નીચે મુજબનો ગુનો શોધી કાઢી નીચે મુજબની સફળ અને પ્રશંસનીય કામગીરી શોધેલ છે.

મેઘાણીનગર પોલીસ સ્ટેશન જા.જોગ.નં.૯૨/૧૭ સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબના કામના આરોપી નં.(૧) અશ્વિનભાઈ ઉર્ફે જાડીયો નાનજીભાઈ મકવાણા ઉવ.૩૩ રહે.રામપ્રસાદ ની ચાલી અનિલ સ્ટાર મીલની પાછળ શહેર કોટડા અમદાવાદ શહેર તથા નં.(૨) પ્રમોદસિંહ રવિન્દરસિંહ ચૌહાણ ઉવ.૧૯ રહે.૯૯૯ શ્રી દુર્ગા ટ્રેડર્સની બાજુમાં કુંભાજીની ચાલી રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓને પોતાના કબ્જામા ખુલ્લા કોપરના વાયરો આશરે ૯૮ કિલો ૬૦૦ ગ્રામ જેની કિ.રૂ.૩૯,૪૪૦/- તથા કોપરના વાયરોની તુટેલી રીલો નંગ-૧૨ જેનુ વજન આશરે-૮૭ કિલો ૭૦૦ ગ્રામ જેની કિ.રૂ.૩૫,૦૮૦/-તથા કોપરની મોટરની બેરીંગો ૪૪ કિલો જેની કિ.રૂ.૧૭,૬૦૦/- તથા એલ.સી.ડી જેની કિ.રૂ.૨૫૦૦/-તથા ડીસમીસ નંગ-૨ જેની કિ.રૂ.૦૦/- તથા નાની એક્સો બ્લેડ (આરી) નંગ-૫ જેની કિ.રૂ.૦૦/- તથા એક કાળા કલરનો સેમસંગ મોબાઈલ ફોન કિ.રૂ.૫૦૦/-તથા બે સીમકાર્ડ કિ.રૂ.૦૦/-તથા એક ઓટોરીક્ષા.નં.જીજે.૦૧.ટીબી.૩૫૬૩ જેની કિ.રૂ.૧,૦૦,૦૦૦/-ની મત્તાનો મળી **કુલ્લે કિં.રૂ.૧,૯૫,૧૨૦/-** ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી શહેરકોટડા પો.સ્ટેના ગુ.ર.નં-૧૯૭/૧૭ ઈપીકો કલમ.૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનાનો ભેદ ઉકેલી સફળ અને પ્રશંસનીય કામગીરી કરી મેઘાણીનગર પોલીસ સ્ટેશનના પોલીસ જવાનોએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તરના રહીશોને સુરક્ષા તથા શાંતિનો અહેસાસ કરાવેલ છે અને હાલ વિસ્તરમાં શાંતિ છે.

## દિવાળીની રાતના લુંટના ઇરાદે બે ઇસમોના મોત નિપજાવનાર ઇસમને મુદ્દામાલ સાથે પકડી પાડી ડબલ મર્ડરગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેરએસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ

ગઇ તા.૧૯/૧૦/૨૦૧૭ ના રોજ દિવાળીના રાતના સમયે બોડકદેવ ઇસ્કોનથી આંબલી બોપલ બી.આર.ટી.એસ. રોડ પાસે હોટલ લેન્ડમાર્ક નજીક નેચરલ કોર્નર સોસાયટી તથા શાંતા બંગલોઝના કંમ્પાઉન્ડ હોલની વચ્ચેના કાચા રોડ ઉપર બે ઇસમોનું મર્ડર થયેલજે સબંધે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૨૬૪/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૦૨, ૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫ (૧) મુજબનો ગુનો નોંધાયેલ. ગુનો શોધી કાઢવા સંયુક્ત પોલીસ કમિશનર શ્રી જેકે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી નાઓએ સુચના આપેલ જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.એસ.ગેડમ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી એમ.કે.ઝાલા તથા પોસઇ શ્રી ડી.જે.જાડેજા તથા સ્ટાફના માણસોની એક ટીમબનાવવામાં આવેલ.

આજરોજ ઉપરોકત ટીમ તપાસમાં હતી દરમ્યાન બોપલ આંબલી બી.આર.ટી.એસ. રોડ પાસે આવેલ ડીસમન કોર્પોરેટ હાઉસ ચાર રસ્તા પાસે આવતાં સાથેના હે.કો. પ્રફુલકુમાર રામજીભાઇ તથા હે.કો.સંજીવકુમાર દશરથભાઇ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે, "દિવાળીના દિવસે રાત્રીના સમયે બે માણસોના મર્ડર થયેલ જે ગુનાનો આરોપી પી.એસ.પી. પ્રોજેકટ લીમીટેડ તરફથી આવી અત્રે થઇ બહાર જવાનો છે જેણે શરીરે વાદળી કલરનું જીન્સ પેન્ટ તથા રાખોડી કલર જેવી ટી શર્ટ પહેરેલ છે" વિગેરે બાતમીહકીક્ત આધારે આરોપીને ઝડપી લેવા સારું વોચમાં હતા.બાદ થોડીવારમાં ઉપરોકત ઇસમ પી.એસ.પી. પ્રોજેક્ટ લીમીટેડ તરફથી આવતો જણાતાં દુરથી ઇશારો કરી સાથેના પંચોને તેમજ સ્ટાફને ઓળખી બતાવી તેને નજીક આવવા દઇ સ્ટાફની મદદથી કોર્ડનકરી રોકી દીધેલ અને તેનું નામઠામ પુછતાં પ્રસનજીત s/o કાન્તા મંડલ ઉવ.૨૦ ધંધો:મજુરી રહે, પી.એસ.પી. પ્રોજેક્ટ લીમીટેડ, હોટલ લેન્ડમાર્કના ખાંચામાં, વસ્ત્રાપુર, અમદાવાદ શહેર મુળ રહે અર્જુનપુર, શીબનગર, જી.મુર્શીદાબાદ, વેસ્ટ બંગાલનો હોવાનું જણાવેલજેની અંગઝડતીમાંથીએક પર્સ તથા બે લેડીઝના ફોટા તથા આધારકાર્ડ નંગ-૨ તથા તુટેલ સીમકાર્ડ જેની કિરૂ.૦૦/૦૦ તથા વીડીયોકોન કંપનીનો મો.ફોન કિ.રૂ.૨૫૦/- તથા બીજો એક મોબાઇલ ફોન કિ.રૂ.૨૫૦/- નો મુદ્દામાલ મળી આવેલ જે મુદ્દામાલ સી.આર.પી.સી. ૧૦૨ મુજબ પંચનામા વિગતે કબજે કરેલ.

સદરી આરોપીની પુછપરછ કરતાં જણાવેલ કે, પી.એસ.પી. પ્રોજેક્ટ લીમીટેડ નામની સ્કીમ ઉપર દિવાળીની રાતે નાઇટ ડ્યુટી ફરજ ઉપર હાજર હતો અને મોડી રાતના બે ઇસમો નશો કરેલ હાલતમાં આ સ્કીમ પાસેથી પસાર થતાં હોય અને સદરી ઇસમને પૈસાની જરૂર હોય તે બંન્ને ઇસમોની લોખંડના સળીયાથી મોઢાના ભાગે તથા ગળાના ભાગે માર મારી એક પર્સ તથા મોબાઇલ ફોન તથા રૂ.૨૦૦/- રોક્ડા કાઢી લીધેલાનું હકીકત જણાવેલ. જેથી આ બાબતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૨૬૪/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૦૨, ૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫ (૧) મુજબનોગુનો નોંધાયેલ હોય આરોપીને આજરોજ તા.૨૫/૧૦/૨૦૧૭ ના કલાક ૧૩/૦૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ અટક કરી તેમજ ઉપરોકત મુદ્દામાલ સીઆર.પી.સી. ૧૦૨ મુજબ પંચનામા વિગતે કબજે કરેલ છે અને આગળનીવધુતપાસઅર્થેઆરોપીતથાજરુરી કાગળોવસ્ત્રાપુર પોલીસ સ્ટેશન તરફમોકલીઆપવાતજવીજ કરવામાં આવેલ છે.

આ આરોપી અમદાવાદ દોઢેક મહીનાથી આવેલ છે અને પી.એસ.પી. પ્રોજેક્ટ લીમીટેડ, હોટલ લેન્ડમાર્કના ખાંચામાં, વસ્ત્રાપુર, અમદાવાદ શહેર તેમજ બોપલ હાઇવે કાકાના ઢાબાની બાજુમાં આવેલ પી.એસ.પી. પ્રોજેક્ટ ઉપર મજુરી કામ કરતો હતો અને આજથી ચારેક માસ અગાઉ સાણંદ ખાતે સુરજ કોલગેટની કંપનીમાં બે મહીના નોકરી કરેલ અને આજથી આઠેક મહીના અગાઉ ગુડગાંવ દિલ્હી ખાતે બે મહીના એમ્રોડરી કામ કરેલતેમજ તે અગાઉ પોતાના વતનમાં મજુરી કામ કરતો હતો.આ આરોપી અગાઉ તેના વતનમાં મારામારીના ગુનાઓમાં બે ત્રણ વખત પકડાયેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.